પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૧૨૫ | ૧૫ જુલાઈ, ૨૦૧૯, સોમવાર; અષાઢ સુદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# કરતારપુર કોરિડોર મુદ્દે ભારત-પાક વચ્ચે મંત્રણા

**દરરોજ ૫૦૦૦ શ્રદ્ધાળુઓને દર્શનની તક આપવા ભારતની માંગ : પાકિસ્તાને ભારતની માંગને મંજૂર કરી : દ્વિપક્ષીય સંબંધોમાં ખેંચતાણના માહોલમાં બંને દેશોના પ્રતિનિધિઓની વચ્ચે મહત્વની બેઠક : રાવી નદી ઉપર પુલ સહિતના અનેક મુદ્દા પર સહમતિ થઇ**



વાઘા, તા. ૧૪

દ્વિપક્ષીય સંબંધોમાં જારી ખેંચતાણની વચ્ચે કરતારપુર કોરિડોરને લઈને ભારત અને પાકિસ્તાન વચ્ચે આજે મહત્વપૂર્ણ વાતચીત થઈ હતી. આ વાતચીતમાં ભારત દ્વારા કરવામાં આવેલી અનેક માંગણીઓને સ્વીકાર કરવાની પાકિસ્તાને તૈયારી દર્શાવી હતી. સાનુકુળ માહોલમાં આ વાતચીત યોજાઈ હતી. વાતચીતમાં ભારતે પોતાની તમામ માંગ સ્પષ્ટરીતે રજૂ કરી હતી. પાકિસ્તાન પણ રાવી નદી પર પુલ સહિત અનેક માંગણીઓ ઉપર સહમત થયું હતું. વાઘા સરહદ ઉપર યોજાયેલી આ બેઠકમાં ભારતીય પ્રતિનિધિમંડળે પાકિસ્તાની સામે પોતાની માંગ રજૂ કરી હતી. ભારતે પાકિસ્તાનથી કોરિડોર પર કામ વહેલીતકે પૂર્ણ કરવાની રજૂઆત કરી હતી. ભારત ઈચ્છે છે કે, ૨૦૧૯ સુધી આ કોરિડોરનો ઉપયોગ કરવામાં આવી શકે છે. એ વખતે ગુરુનાનક દેવની ૫૫૦મી જયંતિ મનાવવામાં આવનાર છે. વાતચીતમાં ભારતે પાકિસ્તાન સમક્ષ માંગ કરી હતી કે, તે દરરોજ ૫૦૦૦ શ્રદ્ધાળુઓને દર્શન કરવાની મંજુરી આપે. સાથે સાથે ખાસ પ્રસંગ પર આ સંખ્યાને ૧૦૦૦૦ કરવાની પણ માંગ કરવામાં આવી હતી. આ ઉપરાંત ભારતે એવી ઈચ્છા પણ વ્યક્ત કરી હતી કે, પાકિસ્તાન ભારતીય મૂળના લોકો અને ખાસ કરીને જે લોકો ઓસીઆઈ કાર્ડ ધરાવે છે તે લોકોને પણ સુવિધા ઉપલબ્ધ કરાવે. વાતચીતમાં ભારતે પાકિસ્તાન તરફથી બનાવવામાં આવી રહેલા પુલના સંદર્ભમાં માહિતીની આપલે કરી હતી. આની સાથે સાથે પાકિસ્તાનને કહેવામાં આવ્યું છે કે, તે રાવી નદી ઉપર પોતાની તરફ આવા જ પુલનું નિર્માણ કરે. ભારતે આની પાછળ કારણો પણ દર્શાવ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

## ભારત વિરોધી કૃત્યને મંજુરી અપાશે નહીં : પાકની ખાતરી

**કરતારપુર વિસ્તારમાં સંભવિત પુર મુદ્દે ચર્ચા : ખુબ જ સાનુકુળ માહોલમાં સફળતાપૂર્વક વાતચીત થઇ**

વાઘા, તા. ૧૪

કરતારપુર કોરિડોરના મામલામાં ભારત અને પાકિસ્તાન વચ્ચે આજે વાતચીત યોજાઈ હતી. આ વાતચીત દરમિયાન પાકિસ્તાને ભારત વિરોધી કૃત્યોને મંજુરી નહીં આપવાની પણ ખાતરી આપી હતી. ભારતે આ વાતચીત દરમિયાન કરતારપુર સાહિબ ગુરુદ્વારાને જોડતા વિસ્તારોમાં પુરની સ્થિતિને લઈને પાકિસ્તાનને માહિતી આપી હતી. વાતચીત દરમિયાન પાકિસ્તાને ભારતની ચિંતાને લઈને ખાતરી આપી હતી. ભારત વિરોધી ગતિવિધિઓને લઈને જાણકારી આપવામાં આવી હતી. એક ડોઝિયર પણ પાકિસ્તાનને સોંપવામાં આવ્યો હતો જેમાં ભારતની ચિંતાઓ રજૂ કરાઈ હતી. ભારત વિરોધી ગતિવિધિને મંજુરી આપવામાં આવશે નહીં તેવી ખાતરી પાકિસ્તાન તરફથી આપવામાં આવી હતી. ગુરુદ્વારામાં કાઉન્સિલર હાજરીની મંજુરી પણ ભારતે માંગી હતી. ભારતીય પક્ષો તરફથી પાકિસ્તાન સાથે પુરની સ્થિતિના સંદર્ભમાં વિગતોની આપલે કરવાની રજૂઆત પણ કરી હતી.

# ચંદ્રયાન-૨ લોંચના ૫૨ દિવસ બાદ રોવર ચંદ્ર ઉપર

**પહોંચ્યા બાદ લેન્ડર અને રોવર એક્ટિવ રહેશે : ચંદ્રની કક્ષામાં પહોંચ્યા બાદથી ચંદ્રયાન ચંદ્રની ચારેબાજુ ચક્કર લગાવશે**



શ્રીહરિકોટા, તા. ૧૪

ચંદ્રયાનને લઈને અભૂતપૂર્વ ઉત્સુકતા ભારતમાં જોવા મળી રહી છે. ચંદ્રયાનને લઈને ભારતીય લોકો ગર્વ અનુભવ કરી રહ્યા છે. કાઉન્ટડાઉન શરૂ કરવામાં આવ્યા બાદ વહેલી પરોઢે ચંદ્રયાનને લોંચ કરી દેવામાં આવશે. વહેલી પરોઢે ૨.૫૧ મિનિટે ચંદ્રયાનને લોંચ કરી દેવામાં આવ્યા બાદ ૫૨ દિવસ પછી ચંદ્રયાન-૨ ચંદ્રની સપાટી ઉપર ઉતરશે. ભારતીય અંતરિક્ષ સંસ્થા ઈસરોના આ મહત્વકાંક્ષી મિશન તરીકે છે. આના ઉપર ૯૦૦ કરોડથી પણ વધુનો ખર્ચ કરવામાં આવી ચુકયો છે. સપ્ટેમ્બર મહિનામાં ચંદ્રના દક્ષિણી વિસ્તારમાં લેન્ડિંગ કરવામાં આવશે. જીએસએલવી માર્ક-૩ની શ્રીહરિકોટા સ્થિત સ્પેશ ધવન સેન્ટર પર તૈયારી કરી લેવામાં આવી છે. ૧૬ દિવસ સુધી પૃથ્વીની સપાટીમાં રહેશે. ૧૬ દિવસ બાદ ચંદ્રયાન પૃથ્વીની સપાટીમાંથી બહાર નિકળશે અને ચંદ્રયાન-૨થી રોકેટ અલગ થશે. પાંચ દિવસ બાદ ચંદ્રયાન-૨ ચંદ્રની સપાટીમાં પ્રવેશ કરશે. આ ગાળા દરમિયાન તેની ગતિ ૧૦ કિલોમીટર પ્રતિ સેકન્ડ અને ચાર કિલોમીટર પ્રતિ સેકન્ડની રહેશે. ચંદ્રની સપાટીમાં પહોંચ્યા બાદ ચંદ્રયાન ચંદ્રની ચારેબાજુ ગોળ ચક્કર લગાવશે. ચંદ્રની સપાટીમાં ૨૭ દિવસ સુધી ચક્કર લગાવ્યા બાદ ચંદ્રયાન તેની સપાટીની નજીક પહોંચશે. આ ગાળા દરમિયાન તેની ગતિ ૧૦ કિલોમીટર પ્રતિ સેકન્ડની રહેશે. ચંદ્રની સપાટીની નજીક પહોંચ્યા બાદ ચંદ્રયાન ચંદ્રની દક્ષિણી ધ્રુવની સપાટી ઉપર ઉતરાણ કરશે પરંતુ આ પ્રક્રિયામાં ચાર દિવસ લાગશે. ચંદ્રની સપાટીની નજીક પહોંચ્યા બાદ લેન્ડર વિક્રમ પોતાની કક્ષામાં પ્રવેશ કરશે ત્યારબાદ તે સપાટીની એ જગ્યાને સ્કેન કરશે જ્યાં ઉતરાણ કરવામાં આવનાર છે. લેન્ડર ઓર્બીટરથી અલગ થયા બાદ આખરે ચંદ્રની સપાટી ઉપર ઉતરાણ કરશે. લેન્ડિંગ થયા બાદ લેન્ડરના દરવાજાને ખોલી દેવામાં આવશે અને રોવરને છોડવામાં

● અનુસંધાન પાન-૭ પર

## ન્યુઝ ટ્રેક

**હિમાચલમાં બહુમાળી ઈમારત ધરાશાયી**

હિમાચલપ્રદેશના સોલન જિલ્લામાં કુમ્હારહટ્ટી-નાહન માર્ગ પર એક બહુમાળી ઈમારત ધરાશાયી થઈ ગઈ હતી. આ ઈમારત નીચે ૩૫ સેનાના જવાન દબાયા હતા. જેમાંથી ૧૦ને બચાવી દીધા છે. બચાવ કામગીરી જોરશોરથી ચાલી રહી છે.

**બી.એલ. સંતોષ ભાજપના રાષ્ટ્રીય મહાસચિવ**

ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહે બી.એલ. સંતોષને રાષ્ટ્રીય મહાસચિવ પદે નિયુક્ત કર્યા છે. ૬૭ વર્ષિય રામલાલ છેલ્લા ઘણા વર્ષોથી ભાજપમાં જોડાયેલા છે. તેઓએ રાજનાથસિંહ, નીતિન ગડકરી, અમિત શાહ અને જે.પી. નડ્ડા જેવા ૪ ભાજપી અધ્યક્ષો સાથે કામ કર્યુ છે.

**અસમ-બિહારમાં પૂરથી ૨૩ના મોત**

દેશના ઘણા ભાગોમાં મૂશળધાર વરસાદ થઈ રહ્યો છે. અસમ અને બિહારના કેટલાય વિસ્તારો જળમગ્ન થઈ ગયા છે. આ વિસ્તારોમાં પૂરના કારણે ૨૩ વ્યક્તિઓના મૃત્યુ નિપજ્યા હોવાના અહેવાલ છે.

**આધાર કાર્ડનો નંબર ખોટો દર્શાવવા બદલ ૧૦ હજાર રૂપિયાનો દંડ ચૂકવવો પડશે**

મોટરકાર કે ઘર ખરીદવવા માટે, વિદેશમાં પ્રવાસે જવા માટે અથવા કોઈ મૂડીરોકાણ કરવું હોય તો પરમેનન્ટ એકાઉન્ટ નંબર ન હોય તો આધાર યુનિક આઈડેન્ટિટી નંબર આપવાનો વિકલ્પ પૂરો પાડવાની કેન્દ્ર સરકારે લોકોને સુવિધા આપી છે, પણ આમાં લોકોએ એક મોટી કાળજી લેવાની જરૂર રહેશે. જો તેઓ ખોટો આધાર નંબર દર્શાવશે તો મોટી રકમની પેનલ્ટી ચૂકવવી પડશે. આધાર કાર્ડ ખોટો દર્શાવવા બદલ દર વખતે ૧૦ હજાર રૂપિયાનો દંડ થશે.

# આસામમાં પુરની સ્થિતિ હજુપણ ગંભીર

**આસામના 33 પૈકી ૨૧ જિલ્લાઓમાં લોકોની હાલત કફોડી બની : આસામના કાજીરંગા નેશનલ પાર્કમાં ૭૦ ટકાથી વધુ વિસ્તારો જળબંબાકાર થતાં પ્રાણીઓને અન્યત્ર ખસેડાયા**

નવીદિલ્હી, તા. ૧૪

આસામ, બિહાર, ઉત્તરપ્રદેશ અને મહારાષ્ટ્ર સહિત દેશના કેટલાક રાજ્યોમાં ભારે મોનસુની વરસાદના કારણે સ્થિતિ વણસી ગઈ છે. આસામમાં પુરના કારણે ૧૫ લાખથી વધુ લોકોને માઠી અસર થઈ છે. ૧૦ લોકોના મોત થઈ ચુક્યા છે. લાખો લોકોને સુરક્ષિત સ્થળો ઉપર રાહત કેમ્પોમાં ખસેડવામાં આવ્યા છે. આસામ અને ઉત્તરીય બિહારમાં પુરની સ્થિતિ સર્જાયેલી છે. આસામમાં અડધાથી પણ વધારે જિલ્લાઓ બ્રહ્મપુત્ર અને તેની સહાયક નદીઓમાં પુરના કારણે જળબંબાકાર થઈ ગયા છે. બિહારમાં પણ સ્થિતિ ખરાબ થઈ રહી છે. ઉત્તરપ્રદેશમાં પણ અનેક જિલ્લાઓમાં ભારે વરસાદના કારણે પુર જેવી સ્થિતિ સર્જાઈ ગઈ છે. ગુવાહાટીથી પ્રાપ્ત અહેવાલ મુજબ આસામમાં સ્થિતિ ગંભીર

● અનુસંધાન પાન-૭ પર

# નવજોત સિદ્ધુનું પંજાબ કેબીનેટમાંથી રાજીનામુ

ચંદીગઢ, તા. ૧૪

ક્રિકેટરમાંથી રાજનેતા



બનેલા નવજોત સિદ્ધૂએ પંજાબ સરકારના મંત્રીપદેથી રાજીનામુ આપી દીધું છે. સિદ્ધૂએ પોતે ટ્વિટ કરીને આ અંગેની માહિતી આપી દીધી છે. ટ્વિટર પર સિદ્ધૂએ એ પત્ર પણ પોસ્ટ કર્યો છે જેમાં સિદ્ધૂએ રાજીનામાને લઈને વાત કરી છે. સિદ્ધૂનું કહેવું છે કે, એક મહિના પહેલા જ રાહુલ ગાંધીને આ અંગે માહિતી આપી દીધી હતી. પંજાબના મુખ્યમંત્રી અમરિન્દરસિંહ સાથે ચાલી રહેલી ખેંચતાણ વચ્ચે સિદ્ધૂએ રાજીનામુ આપી દીધું છે. અમરિન્દર કેબિનેટમાંથી સિદ્ધૂએ રાજીનામુ આપી દીધા બાદ અન્ય કોઈ વાત કરી નથી. સિદ્ધૂના કહેવા મુજબ ૧૦મી જૂનના દિવસે જ રાજીનામુ રાહુલ ગાંધીને મોકલી દીધું હતું.

● અનુસંધાન પાન-૭ પર




